સત્સંગ



# આપણા દેશમાં યાકને 'ચમરી ગાય' તરીકે પણ ઓળખાવાય છે



આખું ગામ તિબેટિયન વંશની બૌદ્ધ પ્રજાનું ગામ છે. નારાયણી ગંગાના કિનારે વસેલા આ ગામમાંથી કોઈ ને કોઈની પાસેથી અમને સારા શાલિગ્રામ મળી રહેશે, એમ અમે સાંભળ્યું હતું, પણ ગામમાં કોઈ માનવીનાં દર્શન જ ન થયાં. કોને પૂછવું? અજાણ્યા પ્રદેશમાં કોના ઘરનું બારણું ખખડાવવું?

કાકબેનીથી પગદંડી બે ભાગમાં વહેંચાઈ જાય છે : એક પગદંડી નારાયણી ગંગાને કિનારે દામોદરકુંડ તરફ જાય છે. આ રસ્તા પર સંભર નામનું એક નાનું ગામ અને મસ્તાંગ નામનું મોટું ગામ આવે છે. મસ્તાંગ આ વિસ્તારની રાજધાની ગણાય છે. કાકબેનીથી બીજી પગદંડી મુક્તિનાથ તરફ જાય છે. અમારે મુક્તિનાથ જવું છે અને અમે તે પગદંડી પકડી.

અતિ કઠિન ચડાઈ છે. પોચી માટીના પહાડો છે. ઝંઝાવાતી ઠંડો પવન ફૂંકાય છે. આ ઠંડો પવન ભાલાની જેમ ગામ સોંસરવો નીકળી જાય છે અને છતાં અતિ કઠિન ચડાઈ ચડતાં પરસેવો વળે છે. સદ્ભાગ્યે આકાશ સ્વચ્છ છે.

નારાયણી ગંગાનો કિનારો છોડીને મુક્તિનાથ તરફ વળીએ એટલે એક સાવ ભિન્ન પ્રકારની દુનિયામાં પ્રવેશ થાય છે. અમે તિબેટમાં હોઈએ તેમ લાગે છે. ધરતી તિબેટ જેવી. લોકો તિબેટિયન વંશના, હવામાન તિબેટ જેવું, ધર્મ તિબેટિયન બૌદ્ધ અર્થાત્ લામાધર્મ, હા, રાજકીય રીતે આ નેપાલનો ભાગ હોવા છતાં અહીં બાકીનું બધું તિબેટ જેવું જ જણાય છે. સદીઓ પહેલાં તિબેટની પ્રજા અહીં આવીને વસી છે. અહીં તેમણે પોતાનું એક નાનું રાજ્ય સ્થાપ્યું છે. મસ્તાંગ આ નાના રાજ્યની રાજધાની છે. આજે પણ મસ્તાંગમાં તેમના રાજા રહે છે. અહીંની પ્રજા તેમને જ પોતાના રાજા ગણે છે.

**મહાભારતનું મનોરૂપ**
**ભાણદેવ**

હવે ચડાઈનો રસ્તો પૂરો થયો. ચારેબાજુ વિશાળ પહાડો છે. એક પહાડની ગોદમાં બનેલી સીધી પગદંડી પર અમે ચાલી રહ્યા છીએ.

આ પહાડો પથ્થરના નહિ, સાવ પોચી માટીના બનેલા છે. આ પહાડોમાં અપરંપાર શાલિગ્રામ જોવા મળે છે. જોતાં-જોતાં મને એક શંખાકાર શાલિગ્રામ મળી આવ્યો છે. શંખ જ શાલિગ્રામમાં રૂપાંતરિત થયો છે.

આ આખો વિસ્તાર સાવ સૂકો છે. રસ્તામાં કે પહાડો પર ક્યાંય ઘાસનું એક તણખલું પણ જોવા મળતું નથી.

આગળ ચાલતાં એક નાનું ગામ આવ્યું. ગામનું નામ છે કોટગામ, નદીને બંને કિનારે થોડાં ખેતરો જોવા મળે છે. ખેતરોની આજુબાજુ થોડું-થોડું ઘાસ પણ જોવા મળે છે. ક્યાંક-ક્યાંક પશુઓનાં ટોળાં પણ ચરતાં જોવાં મળે છે. કયા હશે આ પશુ? હા, ઓળખ્યાં. આ તો યાકનાં ટોળાં છે. તેમનું કદાવર શરીર, શરીર પર લાંબા વાળ અને ઘોડાઓની પૂંછથી મોટી પૂંછ તેમનો પરિચય આપે છે. આ યાકની પૂંછના વાળમાંથી દેવમંદિરોમાં વપરાતાં ચામર બને છે અને તેથી આપણા દેશમાં યાકને 'ચમરી ગાય' તરીકે પણ ઓળખાવાય છે.

> યાકનાં ટોળાં છે. તેમનું કદાવર શરીર, શરીર પર લાંબા વાળ અને ઘોડાઓની પૂંછથી મોટી પૂંછ તેમનો પરિચય આપે છે. આ યાકની પૂંછના વાળમાંથી દેવમંદિરોમાં વપરાતાં ચામર બને છે

કોટ ગામથી આગળ ચાલતાં રાણીપાવ નામનું સ્થાન આવે છે. પહેલાં અહીં રાણીપાવમાં મુક્તિનાથના યાત્રીઓ માટેની એક ધર્મશાળા જ હતી. હવે અહીં ધર્મશાળા તો જણાતી નથી; પરંતુ થોડાં ઘરો જોવા મળે છે.

અહીં થોડાં ઝાડપાન જોવા મળે છે. અહીં તિબેટની જેમ બળતણની ખેંચ છે. આ વૃક્ષો અહીં બળતણ માટે વાવવામાં અને ઉછેરવામાં આવે છે. હિંમશીતલ પ્રદેશમાં પણ આ વૃક્ષો થઈ શકે છે.

અહીં નાનાં-નાનાં ખેતરો જોવા મળે છે. વરસાદ અહીં નહીંવત્ થાય છે. આ ખેતરોમાં લીલીછમ મોલાત જોવા મળે છે. આ કેવી રીતે? અહીં ચારેબાજુ પહાડો છે. શિયાળામાં સર્વત્ર બરફ છવાઈ જાય છે.

અરે! ખેતરો પણ બરફથી ઢંકાઈ જાય છે. ઉનાળામાં બરફ પીગળે એટલે પહાડોમાંથી અનેક જલધારાઓ વહેવા માંડે છે. આ જલધારાઓ એકઠી કરીને એક કેનાલની રચના કરવામાં આવી છે.

કોટ ગામથી રાણીપાવ સુધી ચાલતાં પગદંડીને સમાંતર આ કેનાલ જોવા મળે છે. આ કેનાલનું પાણી અહીંનાં સર્વ ખેતરો સુધી પહોંચાડવામાં આવ્યું છે. ક્રમશઃ

# ।। વંદે માતરમ ।।

આ જે રાષ્ટ્રનો મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય તહેવાર 77મો પ્રજાસત્તાક દિવસ છે. દેશના પ્રત્યેક શહેર,ગામ, નગર, મહાનગરોમાં જનતા અને સરકારી સંસ્થાનોના સહયોગે ઉત્સાહભેર ધામધૂમથી ઉજવણી થશે. પ્રતિવર્ષની જેમ દિલ્હીના કર્તવ્યપથ પરની આયોજિત થતી પરેડ નિરખવાની સૌ કોઈને પ્રતિક્ષા હોય છે. જો કે દિલ્હીની આ પરેડ સિવાય પણ દેશના 126 શહેરોના મહત્ત્વપૂર્ણ 234 સ્થળો પર ધ્વજવંદનના કાર્યક્રમ સહિત પૈન ઈંડિયા દ્વારા બેન્ડ પરફોર્મન્સ પણ આપવામાં આવશે. દેશને આઝાદી તો 1947માં મળી પણ બાબા સાહેબ દ્વારા ત્રણ વર્ષની જહેમતે તૈયાર કરાયેલ સંવિધાન 26મી જાન્યુઆરી, 1950 ના દિવસે રાષ્ટ્રને સમર્પિત કરાયું તેની ખુશી યાદમાં પ્રતિ વર્ષ 26 જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસના રાષ્ટ્રીય પર્વ તરીકે ધામધૂમથી ઉજવાતું રહ્યું છે. અહીં એક સખેદ ટિપ્પણી કરવી પડી છે કે આપણા યુવાવર્ગમાં એક મોટો વર્ગ એવો છે જે 15મી ઓગસ્ટ એટલે સ્વાતંત્ર્ય દિવસ અને 26મી જાન્યુઆરી એટલે પ્રજાસત્તાક દિવસનો તફાવત નથી જાણતો. 15મી ઓગસ્ટે લાલકિલા પર દેશના વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવતા હોય છે જ્યારે 26મી જાન્યુઆરીએ કર્તવ્ય પથ પર દેશના રાષ્ટ્રપતિ રાષ્ટ્રધ્વજ ફરકાવતા હોય છે. 15મી ઓગસ્ટે તિરંગાને નીચેથી ધીમે ધીમે ઉપર લઈ જઈને ફરકાવવામાં આવે છે જ્યારે 26મી જાન્યુઆરીએ તિરંગો સ્થંભ ઉપર જ હોય છે જેની માત્ર રસ્સી ખેંચીને ફરકાવવાનો હોય છે. દેશના આ બે મોટા રાષ્ટ્રીય પર્વ હોય ત્યારે વાહનો પર કે ઘર-દુકાનો પર તિરંગો લહેરાવવાનો ઉત્સાહ -આવેગ ઉમટી પડે છે. પણ બીજા દિવસથી તિરંગા પ્રત્યે જાણ્યે અજાણ્યે લાપરવાહ થઈ જતાં સૌ કોઈએ હવેથી યાદ કરીને રાષ્ટ્રીય તહેવારોમાં ઉપયોગ કરેલા તિરંગાને સમ્માનપૂર્વક સાચવવા જોઈએ અથવા તો કાગળ, પ્લાસ્ટીકના કે નબળા કાપડના તિરંગા રાષ્ટ્રીય પર્વના બીજા દિવસથી જો ખરાબ થઈ ગયા હોય કે ફાટી-તૂટી ગયા હોય તો પાણીમાં પધરાવી દેવા અથવા સમ્માન જલવાઈ રહે એ રીતે નિકાલ કરી દેવો એ આપણા સૌની ફરજ છે.

સવારે ચા પીતા પીતા તમે સત્સંગ વાંચી રહ્યા હશો ત્યારે શક્ય છે દિલ્હી પરેડ ટીવીના સ્કીન પર ચાલુ પણ થઈ ગઈ હશે. આ વખતે ગત 7મી નવેમ્બરે રાષ્ટ્રીય ગીત 'વંદેમાતરમ'ના ઉદ્ભવને 150 વર્ષ થયા તેની થીમ પર આખો સમારંભ અને પરેડ યોજાઈ રહ્યા છે. જેમાં લશ્કરની 17 માર્ચિંગ ટુકડી અને 13 બૈંડ શામિલ હશે. દેશના 28 જેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના પોતાના પ્રદેશની સંસ્કૃતિ અને ઉપલબ્ધિઓને પ્રદર્શિત કરતા ટેબ્લો કર્તવ્ય પથ પરની પરેડમાં સામિલ હશે. તેમાં પણ છ રાજયના ટેબ્લો સંપૂર્ણ પણે વંદેમાતરમની થીમ આધારીત હશે. જેમાં વંદેમાતરમના રચિયતા બંકિમચંદ્ર ચેટરજીની તસવીરો. તેમના પૈતૃક ઘરની ગામની પ્રતિકૃતિ જોવા મળશે. લશ્કરના એક વિશેષ ઓપરેશન સિંદૂર પરનો ટેબ્લો દેશના સૈનિકોની વીરતા અને સફળતાને પ્રદર્શિત કરશો હશે જે ધ્યાનાકર્ષક બની રહેશે. 10,000 થી વધુ ખાસ મહેમાનો અને લાખો દર્શકોની ઉપસ્થિતિમાં જુદા જુદા રાજ્યોના વિવિધ સાંસ્કૃતિક ટેબ્લો સાથે 2500 થી વધુ કલાકારો જોડાયેલા હશે. રાષ્ટ્રપિત ભવનથી પ્રારંભ થતી પરેડ કર્તવ્ય પથ પર ઈન્ડિયા ગેટ થઈને લાલ કિલા સુધીનો લગભગ 8-9 કિ.મી.નો રસ્તો કાપતી હોય છે, એટલે ચાર-પાંચ કલાક ચાલતી આ પરેડ જોવા આવેલ દર્શકો માટે પીવા પાણીની તથા ટોયલેટ-બાથરૂમની વિશેષ વ્યવસ્થા રાખે સુરક્ષાકર્મીઓની મજબૂત કિલ્લેબંધી હોય છે. ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા સાથે દર્શકોના વાહન પાર્કિંગ અને ટ્રાફિક નિવારણની આધુનિક ઉપકરણો સાથેની અહીં મજબૂત વ્યવસ્થા કરાઈ છે.



વંદે માતરમના ઉદ્ભવને 150 વર્ષ થયા અને એ 150 વર્ષની ખુશાલીમાં 'વંદે માતરમ'ની થીમને આ વખતની 2026ની પરેડમાં વિશેષ સ્થાન અપાયું છે. બંકિમચંદ્ર ચેટર્જીની મહાન રચના 'વંદે માતરમ'ને સૌ પ્રથમ દોઢસો વર્ષ પહેલા 7 નવેમ્બર 1875ના રોજ સાહિત્યિક જર્નલ 'બંગદર્શન'માં પ્રકાશિત કરાયું હતું. ત્યારબાદ બંકિમચંદ્રની 1882માં પ્રકાશિત થયેલ નવલકથા 'આનંદમઠ'માં સમાવિષ્ટ કરાયેલું. શરૂઆતમાં બહુ ઓછા લોકોએ સાંભળ્યુ હતું, પણ ઓગણીસમી સદીના ઉતરાર્ધમાં અને વીસમી સદીની શરૂઆતમાં વંદેમાતરમ રાષ્ટ્રવાદી વિચારધારામાં એક સીમાચિહ્ન તરીકે ઓળખાવા લાગેલું. બંકિમચંદ્રએ દેશને વંદેમાતરમમાં માતા તરીકેના પ્રભાવશાળી સ્વરૂપે મૂર્તિમંત કરી છે. 'વંદ માતરમ' એટલું પ્રભાવી રહેલું કે સ્વતંત્રતાની ચળવળના પ્રત્યેક ભારતીયોમાં જુસ્સો જગાડનાર મંત્ર જેવું હતું. ઓકટોબર 1905માં ઉત્તર કલકત્તામાં વંદે માતરમ સંપ્રદાયની સ્થાપના પણ થઈ ગઈ અને લોકજાગૃતિ માટે, સ્વતંત્રતાના મિશનને ધાર્મિક જુસ્સા સાથે પ્રોત્સાહન પૂરું પાડવા દર રવિવારે પ્રભાત ફેરીઓ તે સમયે ચાલુ કરેલી, રવિન્દ્રનાથ ટાગોર પણ અનેકવાર આ પ્રભાતફેરીમાં જોડાતા અને લોકોને પ્રોત્સાહિત કરતાં 20મી મે 1906ના રોજ (અત્યારના બાંગલાદેશના) બારીસાલ ખાતે એક અભૂતપૂર્વ વંદે માતરમ શોભાયાત્રા નિકળી હતી જેમાં 10 હજારથી વધુ લોકો વંદેમાતરમના નારા સાથે વંદેમાતરમનો ધ્વજ લઈને કૂચ કરી હતી. 'વંદમાતરમ'ના ગીત અને નારા બંનેનો પ્રભાવ એટલો જોરદાર હતો કે બ્રિટિશ સરકારે તેને રોકવા જાતજાતના પગલાં લેવા પડેલા, શાળા-કોલેજોમાં વંદેમાતરમ ગાવા પર પ્રતિબંધ લાદી દેવાયેલો. બંગાળની જ રંગપુર ગામની એક શાળામાં વંદેમાતરમ ગાવા બદલ 200 જેટલાં વિદ્યાર્થીઓને એ વખતે પાંચ રૂપિયા જેવો ભારેખમ દંડ કરાયેલો. વંદેમાતરમ કોઈ ગાય નહીં તે માટે સ્કુલોમાં કોન્સ્ટેબલોની ડયુટી મુકવી પડેલી.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

વંદેમાતરમ ગીત અને નારા ધીમે ધીમે ખૂબ પ્રભાવી થતા સ્વતંત્રતાનું આંદોલન વિદેશો સુધી પહોંચી ગયેલ, 1907માં મેડમ ભીકાજી કામાએ બર્લિનના સ્ટુટગાર્ટમાં ભારતની બહાર પહેલીવાર ત્રિરંગો ધ્વજ ફરકાવેલો જેમાં વચ્ચે વંદે માતરમ લખાયેલું હતું. પેરીસમાં ભારતીય દેશભક્તોએ જીનીવાથી 'વંદેમાતરમ' નામનુ મેગેઝીન ચાલુ કરેલું. ઓકટોબર 1912માં ગોપાલ કૃષ્ણ ગોખલે દક્ષિણ આફ્રિકાના કેપટાઉન પહોંચ્યા ત્યારે 'વંદે માતરમ'ના નારા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢીને સ્વાગત કરેલું. 17 ઓગસ્ટ 1909 માં જ્યારે મદનલાલ ઢીંગરાને ઈંગ્લેન્ડમાં ફાંસીની સજા થયેલી ત્યારે પણ તેના અંતિમ શબ્દો 'વંદે માતરમ' હતા. જન-જન સુધી રાષ્ટ્રપ્રેમની લાગણી જન્માવતા 'વંદે માતરમ' ગીત અને નારો રાષ્ટ્રીયગીત અને રાષ્ટ્રીય નારો બની ગયા હતા. ડૉ. ભીમરાવ આંબેડકરે બંધારણ રજૂ કર્યું ત્યારે 24મી જાન્યુઆરી 1950 દિવસે મળેલી બંધારણ સભામાં ડો. રાજેન્દ્ર પ્રસાદે સ્વતંત્રતાની ચળવળમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર જન-મન-ગણ અને વંદેમાતરમને બંનેને સમાન દરજ્જો અને સમાન સન્માન મળવું જોઈએ એવીઈચ્છા વ્યક્ત કરેલી અંતે ગૃહ દ્વારા જન-મન-ગણને રાષ્ટ્રગીત તરીકે અને વંદમાતરમને રાષ્ટ્રીયગીત તરીકેની માન્યતા અપાઈ હતી.

હજુ તાજેતરમાં જ કેટલાંક વરસો પહેલા BBC દ્વારા 155 દેશોના ટોપ ગણાતા ગીતો મંગાવી તેનુ સર્વેક્ષણ થયેલું પણ ખરેખર તો એક જાતની સ્પર્ધા જેવા આ સર્વેક્ષણમાં વિશ્વના 7000 જેટલા ગીતો માટેના મંતવ્યો મંગાવાયેલા તો 'વંદ માતરમે' બીજુ સ્થાન પ્રાપ્ત કરી ભારતીય શ્રેષ્ઠતાનું સમ્માન જાળવી રાખેલું. આપણા રાષ્ટ્રગીત અને રાષ્ટ્રીય ગીતથી અને તેના ઈતિહાસથી આપણા યુવાઓને વાકેફ કરવા જોઈએ. કલ્પના ચિત્ર દ્વારા આલેખાયેલા ભારત માતાના સ્વરૂપથી ધાર્મિકરૂપે પણ અહોભાવ જાગે અને રાષ્ટ્રપ્રેમ વધે. વંદેમાતરમની જેમ જ લગભગ સવાસો વર્ષ પહેલા અવનિન્દ્રનાથ ટાગોરે ભગવા વસ્ત્રધારી, ચારભૂજાધારી ભારત માતાનું સ્વરૂપ અંકિત કરેલું. જો કે એથી પણ પહેલા 1873માં કિરણચંદ્ર બેનર્જી એક નાટક લખેલું અને રજૂ પણ કરેલું જેમાં ભારત માતા કી જયના નારાથી શરૂ થતાં નાટકમાં ભારત માતાનું વર્ણન પણ ગુંથાયુ છે. જો કે અવનિન્દ્રનાથ ટાગોરના ભારતમાતા પછી બિપિનચંદ્ર પાલે વિસ્તૃત સ્વરૂપ આપી આધ્યાત્મ સાથે ભારતમાતાને જોડી દીધા તો સ્વામી વિવેકાનંદની શિષ્યા સિસ્ટર નિવેદિતાએ પણ થોડાં ફેરફાર સાથે પૃષ્ઠભૂમાં હરિયાળી અને ભૂરા આકાશ સાથે ભારતનો નકશો પણ સાથે જોડયો હતો. જો કે પછી પણ ઘણા કલાકારોએ હાથમાં રાષ્ટ્રધ્વજ, સિંહના વાહન સાથે એમ અનેક નવી કલ્પનાઓથી ભારત માતાને વિવિધ સ્વરૂપ આપ્યુ છે.

વંદે માતરમના 150 વર્ષની ઉજવણીના સ્વરૂપે મુંબઈના ડોંબિવલીના જીમખાના ગ્રાઉન્ડ ખાતે ગત ડિસેમ્બરમાં 95 ફૂટ લાંબી અને 75 ફૂટ પહોળી એવી વિશાળ ભારતમાતાની તસ્વીર અઢી લાખ દીવાઓના કલરીંગ કોડિયાઓ ગોઠવીને ચેતન રાઉત, પ્રભુ કાપસે અને વૈભવ કાપસે નામના કલાકારોની ટીમે બનાવી હતી જે વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન પામી છે.

> વંદે માતરમના ઉદ્ભવને 150 વર્ષ થયા અને એ જ 150 વર્ષની ખુશાલીમાં 'વંદે માતરમ'ની થીમને આ વખતની 2026ની પરેડમાં વિશેષ સ્થાન અપાયું છે

# સુખ અને દુ:ખના દ્વાર

વ્યક્તિની આત્મા નીચે અને ઉપર બંને તરફ યાત્રા કરવા માટે સ્વતંત્ર છે. સ્વતંત્રતામાં હંમેશા જોખમ પણ છે. સ્વતંત્રતાનો અર્થ જ એ છે કે પોતાનુ અહિત કરવાની પણ સ્વતંત્રતા, જો કોઈ તમને કહે કે તમે એજ કરવા માટે સ્વતંત્ર છો કે જે તમારા હિતમાં છે, અને જે તમારા હિતમાં નથી તે કરવાની સ્વતંત્રતા નથી - તો તમારી સ્વતંત્રતાનો કોઈ અર્થ રહેશે નહીં.મનુષ્ય જો ઈચ્છે તો તે અંતિમ નરકના દુ:ખ સુધી જઈ શકે છે; અને જો ઈચ્છે -તો તે મનુષ્ય, તે જ મનુષ્ય, જે અંતિમ નરકને સ્પર્શ કરવા સક્ષમ છે - ઈચ્છે તો તે મોક્ષના અંતિમ સોપાન સુધી પણ યાત્રા કરી શકે છે. આ બંને દિશાઓ ખુલ્લી છે. અને તેથી જ માનવી પોતાનો મિત્ર અને પોતાનો દુશ્મન બંને હોઈ શકે છે. આપણામાંથી બહુ ઓછા વ્યક્તિઓ છે જે પોતાના મિત્ર હોય છે; મોટાભાગના તો પોતાના દુશ્મન જ સિદ્ધ થાય છે. કારણ કે આપણે જે કંઈ કરીએ છીએ, તેનાથી પોતાનુ આત્મ-ઘાત હોય છે, તેનાથી વધુ કંઈ હોતુ નથી. આપણે કોને આપણો મિત્ર કહેવો જોઈએ? અને આપણે કોને આપણો દુશ્મન કહેવો જોઈએ? જેની એક સરળ વ્યાખ્યા ઘડી શકાય છે. જો આપણે એવું કંઈ કરીએ જેનાથી દુ:ખ ફલીત થાય છે, તો આપણે પોતાને મિત્ર ના કહી શકીએ. પોતાના માટે દુ:ખના બીજ રોપવાવાળો વ્યક્તિ પોતાનો દુશ્મન છે. અને આપણે બધા પોતાના માટે દુ:ખના બીજ જ વાવીએ છીએ. અલબત્ત, બીજ રોપવા અને પાક કાપવા વચ્ચે ઘણો સમય લાગી જાય છે. તેથી આપણને યાદ પણ નથી રહેતું કે આપણે આપણા બીજ ઉપર કરેલી મહેનતનું ફળ મેળવી રહ્યા છીએ.

**ઓશો વાણી**



ઘણીવાર અંતર એટલું મોટું થઈ જાય છે કે આપણે વિચારીએ છીએ કે, આપણે તો અમૃતના બીજ વાવેલા પણ ન જાણે કેવુ દુર્ભાગ્ય છે કે આપણને ઝેર વાળા ઝેરી ફળ મળ્યા છે! પરંતુ આ દુનિયામાં, આપણે જે વાવીએ છીએ તેનાથી અતિરીકત આપણ ને કંઈ મળતું નથી, અને તે પ્રાપ્ત કરવાનો કોઈ રસ્તો નથી. આપણે ફક્ત તે જ પામીએ છીએ જે આપણે પોતે નિર્મીત કરીએ છીએ. આપણે ફક્ત તે જ પ્રાપ્ત કરીએ છીએ જેની આપણે તૈયારી કરીએ છીએ.

આપણે ત્યાં જ પહોંચીએ છીએ જ્યાં જવા માટે આપણે મુસાફરી કરીએ છીએ. આપણે ત્યાં ન પહોંચી શકીએ જ્યાં જવા આપણે મુસાફરી કરી જ ન હોય. જોકે, શક્ય છે કે મુસાફરી કરતી વખતે, આપણે આપણા મનમાં કોઈ અલગ જ ગંતવ્યની કલ્પના કરી હોય. માર્ગને આની સાથે કોઈ લેવા દેવા નથી.

ગીતા દર્શન પુસ્તકમાંથી સૌજન્ય:ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.

## ।। कृष्णस्तु भगवान स्वयम् ।।

**લેખાંક-૪૮**

# લાલજીનો 'અંગ પરિવર્તન' ઉત્સવ


ભગવાનના 'લીલા'રૂપી અસાધારણ કાર્યો સંસારી મનુષ્યની બુદ્ધિની બહારના છે. લીલાપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર શરૂઆતથી લઈને અંત સુધી અઘટિત અને અલૌકિક લીલાઓથી ભરેલું છે. આ લીલાઓ સુંદર અને મનને મોહ પમાડનારી છે. સંસારના બંધનમાં રહેલો જીવ આ લીલાઓના શ્રવણમાત્રથી જ લાભ પ્રાપ્ત કરી શકે છે. 'લીલા' શબ્દનો અર્થ થાય 'લિંગ શ્લેષણ' એટલે કે 'જે આપણને પરમાત્માનું આલિંગન કરાવે'. ભગવાનની આ લીલાઓમાં કર્તાપણું નથી, વાસના નથી, કોઈ પણ પ્રકારના ફળની અપેક્ષા નથી. 'શ્રવણ'નો અર્થ સમજીએ તો તે માત્ર એટલો સીમિત નથી કે કોઈ કથાકારના મુખેથી એક 'સપ્તાહ' સુધી શ્રીમદ ભાગવતનું જ્ઞાનયજ્ઞ સાંભળીએ એટલે શ્રવણ કર્યું તેમ કહેવાય. શ્રવણનો ખરો અર્થ છે 'દિવ્યચેતના'નો વિકાસ. ભગવાનની લીલાઓનું શ્રવણ એક એવો લાભદાયક અવસર છે કે જેનાથી ભગવાનનું સહચર્ય, ભગવાન સાથે દિવ્ય સંબંધ અથવા બીજા શબ્દોમાં પરમાત્મા સાથે આત્મીયતા પ્રાપ્ત કરી શકાય છે. જેનાથી જીવનમાં એક એવો તબક્કો આવે છે કે જે મનુષ્યને 'આત્મસાક્ષાત્કાર' તરફ લઈ જાય છે.

નંદના ઘરે માતા યશોદાની સંભાળમાં રહેલા બાળક શ્રીકૃષ્ણ શુક્લ પક્ષના ચંદ્રની માફક વૃદ્ધિ પામતા જતા હતા. ગોપીઓ તેમને જોઈને ધરાતી નહોતી. તેઓ પારણામાં સૂતેલા બાળકૃષ્ણના એક એક અંગના વખાણ કરતા થાકતી નહોતી. એક કહેતી, 'અરે સખી! કનૈયો સૂતો હોય ત્યારે તેની ઝાંખી અલૌકિક લાગે છે.' બીજી કહેતી 'લાલાના વાંકડિયા વાળ તો જો, કેટલા સુંદર લાગે છે?' ત્રીજી કહેતી 'લાલાનું વક્ષ:સ્થળ કેટલું વિશાળ છે?' ચોથી કહેતી, 'મને તો લાલાના ચરણ બહુ જ ગમે છે. ચરણના તળિયા કેવા લાલ છે? તેને પખાળવાનું મન થાય છે. તેના પર કોઈ ઉપસેલા નિશાન હોય તેવું પણ જણાય છે'. અન્ય ગોપીઓ આંખ, કાન, હોઠ, મુખડું, તિલક વગેરેના વખાણ કરતી અને કહેતી 'લાલાનું બધું જ સુંદર છે. બધું જ મધુર છે. મહાપ્રભુજીએ આ પ્રસંગ પછી જ 'અધરમ મધુરમ વદનમ મધુરમ..'ની રચના કરી હશે તેમ જણાઈ આવે છે. લાલો પોતાના મંદ હાસ્યથી અને ચિતવનથી આપણા મનને પોતાની તરફ આકર્ષે છે'. ગોપીઓ લાલાના એક એક અંગના દર્શન કરે છે. અધ્યાત્મની દ્રષ્ટિએ પરમાત્માના સ્વ-રૂપમાં આસક્તિ એ જ ભક્તિ છે. યશોદાજી તેમની વાતોથી ચિઢાઈ જઈને કહેતા, ''અરે બાવરીઓ! મારો લાલો હજુ સૂતો છે. આટલી વહેલી કેમ આવો છો? જરા દૂરથી લાલાના દર્શન અને વાતો કર્યા કરો નહીં તો મારો લાલો જાગી જશે.''

જે દિવસે 'લાલજી' પહેલી વખત પડખું ફેરવતા શીખ્યા ત્યારે તેઓ ૧૦૮ દિવસના હતા. તે જ દિવસે તેમના જન્મનક્ષત્રનો પણ યોગ હતો. તેથી નંદબાવાએ તે દિવસે 'અંગ પરિવર્તન' નામનો મોટો ઉત્સવ કરવાનું નક્કી કર્યું. અહીં વિવેચકો લખે છે કે ઈશ્વરનું હૃદયમાં પ્રાગટ્ય થાય તેને જ 'ઉત્સવ' કહેવાય. ઉત્સવ પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કરવા માટે છે. 'બહિર્મુખ વૃત્તિને નિવૃત્ત કરવા અને અંતર્મુખ દ્રષ્ટિને સિદ્ધ કરવા માટેની ક્રિયાને ઉત્સવ કહેવાય, કે જેમાં દેહભાન પણ ભુલાઈ જાય છે'. આ દિવસે નંદે બ્રાહ્મણોને બોલાવીને શ્રીકૃષ્ણના અંગ પર વેદમંત્રો વડે ઉત્સવ અભિષેક કરાવ્યો. યશોદાજી વિચારે છે કે હરરોજ બ્રાહ્મણોની પૂજા કરું છું આજે મારે ગોપીઓ અને ગોવાળોની પણ પૂજા કરવી છે કે જેમના આશીર્વાદથી મને આ પુત્ર પ્રાપ્ત થયો છે. આથી ગોપ - ગોપીઓને પણ આમંત્રિત કર્યાં. ગોપીઓ પાસે માંગલિક ગીતો ગવડાવ્યા. બ્રાહ્મણોને ગાયો ઉપરાંત ઘણી દક્ષિણા આપી. સમગ્ર ગોપમંડળને પણ ઉત્તેજન આપ્યું. નંદજી યશોદાને કહે છે કે તું આપવામાં બિલકુલ સંકોચ નહિ રાખતી, લાલો પધાર્યો ત્યારથી ખબર નથી પડતી કે કોણ મારા ઘરમાં મૂકી જાય છે. અહીં મહાત્માઓ કહે છે કે 'આપવાની ઈચ્છા એટલે જ પ્રેમ. લેવાની ઈચ્છા એટલે મોહ. જયારે ભાગ્યોદયનો સમય હોય ત્યારે પ્રેમથી ખૂબ દાન અને સત્કાર્ય કરવા જોઈએ. સંકોચ રાખવો નહિ જોઈએ. જેટલું આપશો તેનાથી બમણું પાછું આવશે. લક્ષ્મીજી ઘરમાં અખંડ બિરાજશે. હાથ વડે જેટલું સત્કાર્ય કરશો તેટલું જ સાથે આવશે.'

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

ઉત્સવમાં બોલાવેલા ગોપમંડળ સુંદર વાજિંત્રો વગાડી રહ્યા હતા અને તે સાંભળી ઉપસ્થિત સર્વ મહેમાનો આનંદિત થઈ રહ્યા હતા. આ સમયે યશોદાએ બાળકૃષ્ણને નવડાવ્યા. સ્નાન કરાવી, સુંદર વસ્ત્રો ધારણ કરાવી, લાલાને ખોળામાં લઈ બ્રાહ્મણોના સ્વસ્તિવાચન અને વૈદિક સ્તુતિ સાંભળવા બેસી ગયા. સ્વસ્તિવાચન વગેરેમાં ઘણો વખત લાગવાથી તે સાંભળતા સાંભળતા બાળકૃષ્ણના નેત્રોમાં નિદ્રાદેવીએ પ્રવેશ કર્યો. લાલાએ બહારથી તો આંખો બંધ કરી દીધી પરંતુ અંદરથી જાગતા રહ્યા. લાલાએ ઊંઘવાનું નાટક કર્યું. આખરે તો તેમનું એક નામ 'નટવર' પણ ખરું ને?



> શ્રવણનો ખરો અર્થ છે 'દિવ્યચેતના'નો વિકાસ. ભગવાનની લીલાઓનું શ્રવણ એક એવો લાભદાયક અવસર છે કે જેનાથી ભગવાનનું સહચર્ય, ભગવાન સાથે દિવ્ય સંબંધ અથવા બીજા શબ્દોમાં પરમાત્મા સાથે આત્મીયતા પ્રાપ્ત કરી શકાય છે. જેનાથી જીવનમાં એક એવો તબક્કો આવે છે કે જે મનુષ્યને 'આત્મસાક્ષાત્કાર' તરફ લઇ જાય છે

લાલાની આંખમાં નિદ્રા જોઈ પરંતુ યશોદાજીને લોકોની સરભરાનું ખૂબ કામ હોવાથી લાલજીને સ્તનપાન કરાવવાનું ભૂલી ગયા. તેમણે વિચાર કર્યો કે આજે આખું ગામ પધારવાનું છે માટે ઘરમાં ખૂબ ભીડ અને અવાજ થશે અને મારો લાલો જાગી જશે. આથી તેમણે લાલાને પલંગ કે પારણામાં નહિ સુવડાવતા શાંત જગ્યા શોધી તેમને એક ઝાડ નીચે રહેલા બળદગાડાની નીચે આસન પાથરી સુવડાવ્યા અને ફરી ઉત્સવના કાર્યોમાં લાગી ગયાં. આ ઉત્સવમાં તેઓ એક એક ગોપીનું સન્માન કરવા લાગ્યા. જો કોઈ ગોપી પોતાના બાળકને લીધા વગર આવી હોય તો તેને ઠપકો આપીને પણ તેના બાળકને લેવા માટે ઘરે જવાની સૂચના આપવા માંડયા. આવનાર દરેક બાળકોને કપાળમાં તિલક કરીને અને હીરા મોતીની કંઠી પહેરાવી સ્વાગત કરવા માંડ્યા. આવા અને બીજા અનેક કામકાજોમાં અત્યંત વ્યસ્ત થયેલા યશોદાજી બળદગાડાની નીચે સુવડાવેલા 'લાલજી'ને ભૂલી ગયા કે જેમના માટે આજના ઉત્સવનું આયોજન કરાયું હતું.

(ક્રમશ:)